જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૮/૨૦૧૮ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૭૯/૧૮

**મેઘાણીનગર પો.સ્ટેશન મીલ્કત સબંધી સને-૨૦૧૮ ના ગુનાના કામે મુદ્દામાલ કુલ્લે રૂ.૧૬૫૦૦/- મુદ્દામાલ સાથે આરોપીને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ**

અધીક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા ના.પો.ક.મી.શ્રી ઝોન-૪ સાહેબ તથા મ.પો.ક.મી.શ્રી જી ડીવીઝન નાઓની સુચનાથી સિનિયર પોલીસ ઈન્સપેક્ટર શ્રી તથા સેકેન્ડ પોલીસ ઇન્સ્પેકટર શ્રી મેઘાણીનગર નાઓના માર્ગદર્શન હેઠળ મેઘાણીનગર પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કવૉડના પો.સ.ઇ વી.એસ.સિંધવ તથા હે.કો.હસમુખભાઇ જીતાભાઇ બ.નં.૩૪૪૩ તથા મનોજસિંહ મુકુંદસિંહ બ.નં.૩૪૨૮ તથા એલ.આર.અરુણસિંહ યશપાલસિંહ બ.નં.૪૨૪૭ તથા એલ.આર.તરંગકુમાર રમણભાઇ બ.નં.૬૧૯ નાઓ પો.સ્ટે વિસ્તારમા મીલ્કત સબંધી ગુનાઓ શોધવા તથા અટકાવવા સારૂ પેટ્રોલીગમા હતા દરમ્યાન સાથેના હે.કો.હસમુખભાઇ જીતાભાઇ તથા પો.કો.મનોજસિંહ મુકુંદસિંહ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૯૧/૧૮ ઇપીકો કલમ ૩૮૦ મુજબના ગુનાનો આરોપી સુરજ ઉર્ફે સોનુ મુકેશસિંગ કુશવાહ ઉવ.૧૯ રહે.બી/૧૯૩ જય અંબે સોસાયટી ભાર્ગવરોડ મેઘાણીનર અ'વાલ શહેર મુળ વતન ગામ.બારી બસેડી તા.જિ.ધોલપુર રાજસ્થાન નાને મેઘાણીનગર લીમડા બસ સ્ટેનન્ડ ખાતેથી તા.૦૨/૦૮/૨૦૧૮ ના ક.૦૧/૧૫ વાગે પકડી અટક કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**<u>સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનઃ</u>**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી "એ" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશન જેવી અસામાજીક પ્રવુતીઓ નેસ્ત નાબુદ કરવા સારૂ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશનના ગુનામા પકડાયેલ સમીમખાન જુવેદખાન પઠાણ ઉવ.૨૩ રહે.હાલ ઓરડીમા મુળ રહે. ગામ.કલ્યાણપુર તા.ડીગ જી.ભરતપુર રાજસ્થાન નાની વિરુધ્ધમા દાખલ થયેલ ગુનાઓને ધ્યાને લઇ સદરી વિરુધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ક્રમાંકઃ પીસીબી/ડીટીએન/પાસા/૬૭૦/૨૦૧૮ તા.૦૨/૦૮/૨૦૧૮ થી જીલ્લા જેલ જામનગર ખાતે રાખવાનો હુકમ કરેલ હોય જે આધારે સદર પાસા અટકાયતીની તા.૦૨/૦૮/૨૦૧૮ ના રોજ ડીટેઇન કરી તા.૦૨/૦૮/૨૦૧૮ ના કલાક ૨૨/૪૫ વાગે ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપી સારી અને પ્રસંશનીય કામગીરી કરતી સોલા હાઇકોર્ટ પોલીસ.

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી "એ" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશન જુગાર જેવી અસામાજીક પ્રવુતીઓ નેસ્ત નાબુદ કરવા સારૂ તા.૦૨/૮/૧૮ ના રોજ અમો તથા સ્ટાફના માણસો સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ૨૩/૪૫ વાગે સોલા ગામ પટેલ વાસ પાસે આવતા સાથેના સ્ટાફના માણસોને બાતમી હકીકત મળેલ કે " સોલા ગામ પટેલવાસમાં રહેતો મૌલીક ઉર્ફે ભુરો પટેલ નાનો તેના સોલા ગામ પટેલવાસમાં આવેલ મકાનમાં તેના ભાડુતી માણસો રાખી બહારથી ગ્રાહકો બોલાવી પોતાના અંગત આર્થિક ફાયદા સારૂ પૈસા પાનાથી અંદર બહારનો નાણાની હારજીતનો જુગાર રમી રમાડે છે" વિગેરે બાતમી હકીકત આધારે સદરી જગ્યાએ રેઇડ કરવા સારૂ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એ" ડીવીજન સાહેબ નાઓ પાસેથી રેઇડ કરવા અંગેનુ વોરંટ મેળવી બે પંચોના માણસો સાથે સદરી જગ્યાએ રેઇડ કરતાં (૧) અનુપ પ્રભુદાસ શર્મા+૪ = ૫ નાઓ સ્થળ ઉપર જુગાર રમતા રોકડ નાણા રૂ.૨૫૩૦૦/- તથા મો.ફોન નં-૪ મળી રૂ.૨૩૦૦/- સાથે પકડાય ગયેલ તેમજ મૌલીક ઉર્ફે ભુરો પટેલ તથા શંભુ દેસાઇ નાઓ ભાગી ગયેલ હોય સદરી બાબતે અત્રેના પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં-૩૧૯૭/૧૮ જુગાર ધારા કલમ ૪, ૫ મુજબનો ગુનો દાખલ કરી સારી અને પ્રસંશનીય કામગીરી કરતી સોલા હાઇકોર્ટ પોલીસ.

## <u>અમરાઈવાડી પોલીસ સ્ટેશનઃ</u>

મે.પો.ક.શ્રી કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના ફરમાન મુજબ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીઝનનાઓના તરથી મળેલ સુચના આધારે અને અમરાઈવાડી પો.સ્ટે સી.પો.ઈન્સ શ્રી ઓ.એમ.દેસાઈ સાહેબના માર્ગદર્શન હેઠળ તાઃ- ૦૨/૦૮/૨૦૧૭ ના રોજ સર્વે સ્કોડના પો.કો મહેન્દ્રસિંહ જગતસિંહ બ.ન.૫૮૧૭ નાઓને મળેલ બાતમી હકીકત આધારે પો.સ.ઈ એમ.એમ.તેજોત તથા સર્વે સ્કોડના સ્ટાફના માણસો સાથે મ.ન.એ/૧૦૨ તક્ષશીલા ફલેટ અમરાઈવાડી અમદાવાદ ખાતે આરોપી પ્રદિપસિંહ ભરતસિંહ જાંતે પરમાર ના મકાનની અંદર જુગાર રમતા નંન.(૧) પ્રદિપસિંહ ભંરતસિંહ જાતે પરમાર ઉ.વ ૨૮ રહે.એ/૧૦૨ તક્ષશીલા ફલેટ સીટીએમ ચાર રસ્તા પાંસે અમરાઇવાડી અમદાવાદ શહેર (૨) જીગ્નેશ ઉર્ફે પિન્ટુ રણછોડભાઇ જતે રાઠોડ ઉ.વ.૨૯ રહે.મ.ન.૫૩ આશુતોષ ટેનામેન્ટ ન્યુ આરટીઓ રોડ મહાદેવનગર વસ્ત્રાલ રામોલ અમદાવાદ શહેર (૩) સાગર રોહીતભાઇ જાતે પંચાલ ઉ.વ.૨૪ રહે-મ.ન.એ/૩૦૨ મહાદેવ એવન્યુ રામોલ ન્યુ મણીનગર અમદાવાદ શહેર (૪) રાજેશભાઇ રાજેન્દ્રભાઇ જાતે મિશ્રા ઉ.વ.૪૮ રહે.મ.ન.૨ કેશવલાલની ચાલી ભાઇપૂરા ખોખરા અમદાવાદ શહેર (૫) રાહુલ રાજુભાઇ જાતે માળી ઉ.વ.૩૨ રહે.મ.ન.૮ કેશલાલ બેડીવાળાની ચાલી મહાવીરનગર અમરાઇવાડી અમદાવાદ નાઓ આજરોજ તા-૦૨/૦૮/૨૦૧૮ ના કલાક ૨૧/૪૫ વાગે મ.ન.એ/૧૦૨ તક્ષશીલા ફલેટ મકાન ની અંદર રોકડા નાંણા રૂપીયા ૧૦૨૬૦/- તથા ગંજી પાના નંગઃ૫૨ તથા અલગ અલગ કંપની ના મોબાઈલ ફોન નંગઃ૦૫ કીમત રૂપીયા ૧૭૦૦૦/- તથા લાઇટબીલ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે રૂપીયા ૨૭૨૬૦/- ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઈ ગયેલ હોઈ તેઓના વિરુધ્ધમાં ધી જુગાર ધારા કલમ ૪,૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.જે બાબતે અમરાઈવાડી પો.સ્ટેશન સે.ગુ.ર.નં.૩૧૩૯/૨૦૧૮ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે.

## <u>સુરક્ષા સેતુ રથ :</u>

"ગોમતીપુર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "ગોમતીપુર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.







નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.